ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૫/૨૩-૨૪/ 570. તારીખ : 18 JUN 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી મનજીભાઈ જીવાભાઈ બારિયા,**
મુ. વગડીયા, તા.મુળી,
જી. સુરેન્દ્રનગર.

કેસ નં.૮૫/૨૩-૨૪

**મો.નં. ૯૭૨૭૬ ૧૬૪૧૮.**

**વિષય : મોટી રકમનું બીલ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૭/૦૨/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૫/૨૩-૨૪/૧૮૧ તા.૨૯/૦૨/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૫/૨૩-૨૪/૨૬૬ તા.૨૨/૦૩/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૪/૦૪/૨૦૨૪ તથા ૨૯.૦૫.૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર .**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૮૫/૨૩–૨૪ ☜

**વાદી** :– **શ્રી મનજીભાઈ જીવાભાઈ બારિયા**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૪/૦૪/૨૦૨૪ તથા તા.૨૯/૦૫/૨૦૨૪** ◈

હાજર રહયા :– **શ્રી મનજીભાઈ જીવાભાઈ બારિયા (વાદીશ્રી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મનજીભાંઈ જીવાભાઈ બારિયા, મુ.વગડીયા, તા.મુળી, જી.સુરેન્દ્રનગર ની મોટી રકમનું બીલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૫/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૫/૨૩–૨૪/૧૮૧ તા.૨૯/૦૨/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.<u>૦૪/૦૪/૨૦૨૪</u> ના રોજ સુરેન્દ્રનગર મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી મનજીભાઈ જીવાભાઈ બારિયા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ. વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ. ત્યારબાદ પ્રતિવાદીને વધુ રેકોર્ડ સબમીટ કરવા તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીશ્રી મનજીભાઈ જીવાભાઈ બારિયા, થાન ખાતે વીજજોડાણ નં. ૨૭૭૧૫/૦૧૨૩૪/૩ થી ૧૫ એચ.પી.નું ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે.

૧.૨ વાદી જણાવે છે કે, તેઓનું વીજમીટર ૨૦૨૨–૨૩ ના સમયગાળા માં બળી ગયેલ હતું. ત્યારબાદ નવું વીજમીટર લગાવી આપવામાં આવેલ હતું. ત્યારબાદ પેટા વિભાગીય કચેરી થાન દવારા વીજબીલમાં બાકી રકમ રૂ.૨૩૯૯૭૫/– નું બીલ આપવામાં આવેલ હતું.

૧.૩ વીજ કચેરી દવારા આપવામાં આવેલ બાકી રકમ રૂ.૨૩૯૯૭૫/– નું વીજબીલ ભરી શકાય તેવી સ્થિતી બીલકુલ નથી, જે બાબતે યોગ્ય કરવા રજુઆત કરેલ છે.

Consumer Grievances Redressal Forum PGVCL Bhavnagar

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદી શ્રી મનજીભાઈ જીવાભાઈ બારિયા, વીજજોડાણ નં.૨૭૭૧૫/૧૨૩૪/૩ થી ૧૫ એચ.પી.નું ખેતીવાડી વીજજોડાણ થાન પેટા વિભાગીય કચેરી ખાતે ધરાવે છે.

૨.૨ વાદી દવારા તા.૦૩/૦૬/૨૦૨૦ માં ખેતીવાડીનું વીજમીટર બળી ગયેલ હોય તે સબબ વીજ કચેરી થાન ખાતે બદલવા માટે અરજી કરવામાં આવેલ હતી.

૨.૩ વાદીની અરજીના આધારે વીજ કર્મચારી દવારા તા.૩૧/૦૧/૨૦૨૧ ના રોજ જુની મીટર નં. PT ૨૦૭૩૦૭ બદલી નવું મીટર PT ૩૭૭૧૯૪ મુકવામાં આવેલ હતું, જેમાં રીડીગ નહી દેખતા સ્થળ પર બનાવેલ રોજકામ પ્રફોર્મા માં "અવાચ્ય" લખવામાં આવેલ હતું.

૨.૪ વાદીનું જુનુ મીટર નંબર PT ૨૦૭૩૦૭ તા.૨૨/૦૬/૨૦૨૧ ના રોજ લેબમાં તપાસવામાં આવેલ હતું, જેમાં સદર મીટરનો ફેઈઝ બળી ગયેલ હતો જેના કારણે વીજજોડાણા સ્થળ પર રીડીંગ જોવા મળેલ ન હતાં. પણ લેબમાં સદર મીટરને PT સપ્લાય આપતા મીટરમાં ૪૧૦૧૦૯ રીડીગ જોવા મળેલ હતાં.

૨.૫ લેબ તપાસણી ના રીપોર્ટના આધારે ઓડીટ ટીમ સુરેન્દ્રનગર દવારા રીકવરી પારા નં.૧ (૧.૪) માં સદર મીટરના છેલ્લા રીડીગ ૧૦૧૫૦ હતા, જેથી લેબમાં નીકળેલ રીડીગ ૪૧૦૧૦૯ – ૧૦૧૫૦ = ૩૯૯૯૫૯ યુનીટની ગણતરી કરી, રૂા.૨૩૯૯૭૫.૪૦ ની રીકવરીની ભલામણ કરવામાં આવેલ, જેની નકલ આ સાથે જોડેલ છે.

૨.૬ આમ વાદીએ મીટરમાં વીજવપરાશ કરેલ હોય, પેટા વિભાગીય કચેરી, થાન દવારા પેન્ડીગ યુનીટ પેટે આપવામાં આવેલ (ઉધારવામાં આવેલ) વીજબીલ ભરવાપાત્ર થાય છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી મનજીભાઈ જીવાભાઈ બારીયા, થાન મુકામે ગ્રા.નં.૨૭૭૧૫/૦૧૨૩૪/૩ થી ૧૫ હો.પા.નું ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે તથા પ્રતિવાદી પીજીવીસીએલ ના ઓડીટ ટીમના રીપોર્ટ ના આધારે તેમના ખાતામાં ડેબીટ નાખવામાં આવેલ રકમ રૂા.૨,૩૯,૯૭૫–૪૦ (૧૫/૦૬/૨૩) સામે વાંધો હોય, ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે પ્રથમ તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં બન્ને પક્ષકારોએ હાજર રહી રજુઆતો કરેલ હતી. જે દરમ્યાન કેસના આખરી ચુકાદા માટે જુના મીટરની વિગતો અધુરી હોય, પ્રતિવાદીને જુના મીટર અને સબંધિત રેકોર્ડ સાથે હાજર રહેવા તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં વાદીની જરૂર ન હોય બોલવવામાં આવેલ ન હતા. આજરોજ તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ પ્રતિવાદીએ હાજર રહી વધુ લેખિત તેમજ મૌખિક રજુઆત કરેલ છે.

૩.૩ કેસની વિગત મુજબ વાદીનું વીજમીટર બળી જતાં, પ્રતિવાદી ની કચેરીમાં તા.૦૩/૦૬/૨૦૨૦ ના રોજ અરજી કરેલ જેના આધારે પ્રતિવાદી દવારા તા.૩૦/૦૧/૨૦૨૧ ના રોજ મીટર બદલી આપેલ. જે સમયે રીડીંગ અવાચ્ય હતાં. સદર મીટરને તા.૨૨/૦૬/૨૦૨૧ ના રોજ લેબ પરીક્ષણ દરમ્યાન મીટરમાં ૪૧૦૧૦૯ યુનીટની નોંધણી થયેલ, જેની લઈને પ્રતિવાદીની ઓડીટ ટીમ દવારા છેલ્લા રીડીંગ ૧૦૧૫૦ ને ધ્યાને લઈ

Redressal Forum ... G.L. ...nagar

હાલના રીડીંગ ૪૧૦૧૦૯ માંથી બાદ કરતાં, ૩૯૯૯૫૯ યુનીટનું રૂા.૨,૩૯,૯૭૫–૪૦ ની રીકવરી ભલામણ કરતાં, પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરી દવારા તા.૧૫/૦૬/૨૦૨૩ થી તે રકમ વાદીના ખાતામાં ડેબીટ કરેલ, જેની સામે વાદીને વાંધો છે.

૩.૪ કેસ દરમ્યામનની રજુઆતો, રેકોર્ડ, બીલીંગ હીસ્ટ્રી જોતાં ફોરમને જણાય છે કે, મીટરનો MRI આવી શકેલ નથી તેમજ જુનું મીટર ઉપલબ્ધ ન હોય, તેની અન્ય જાણકારી મેળવી શકાય નથી.

મીટર બદલ્યા બાદ વાદીના નવા મીટરમાં ૮૦૦૦ થી ૧૦૦૦ યુનીટ ની એવરેજ વપરાશ હોવાનું નોંધાય છે, જેની વિગત નીચે મુજબ છે :–

| **બીલીગ માસ** | **વપરાશ** |
|---|---|
| ફેબ્રુ.–માર્ચ બીલ્ડ ઈન એપ્રિલ–૨૧ | ૧૦,૨૦૦ યુનીટ |
| એપ્રિલ–મે બીલ્ડ ઈન જુન–૨૧ | ૪,૧૯૦ યુનીટ |
| જુન–જુલાઈ બીલ્ડ ઈન ઓગ–૨૧ | ૧૧,૩૫૦ યુનીટ |
| કુલ | ૨૫,૭૪૦ યુનીટ |

એટલે કે ૮૫૮૦ એવરેજ યુનિટ મુજબ નો વપરાશ થયેલ છે.

આમ, પ્રતિવાદીની ઓડીટ ટીમ દવારા આપવામાં આવેલ રીકવરી વાદીના હાલના લોડ (૧૫ હો.પા.), બીલીગ હીસ્ટ્રી, નવા–જુના મીટર દરમ્યાનના વપરાશની પેટર્ન જોતાં વધારે માલુમ પડે છે.

૩.૫ ઉપરોક્ત તારણો અને રેકોર્ડના આધારે ફોરમ એવા નિષ્કર્ષ પર પહોંચે છે કે વાદીને આપવામાં આવેલ ઓડીટ બીલ એબ્નોર્મલ વપરાશ–રીડીંગના જણાય છે આથી રૂા.૨,૩૯,૯૭૫–૪૦ નું ઓડીટ બીલ રદ કરવું અને તેની જગ્યાએ વાદીને મીટર બદલ્યા પહેલા ના ત્રણ બીલ તા.૧૦/૧૦/૨૦૨૦ નું ઓગસ્ટ–સપ્ટેમ્બર બીલ્ડ ઈન ઓકટોબર–૨૦, તા.૦૧/૧૨/૨૦૨૦ નું ઓકટોબર–નવેમ્બર બીલ્ડ ઈન ડીસેમ્બર–૨૦ તેમજ તા.૦૮/૦૨/૨૦૨૧ નું ડીસેમ્બર–જાન્યુઆરી બીલ્ડ ઈન ફેબ્રુઆરી–૨૧ નું વીજબીલ વાદીના નવા મીટર લગાવ્યા પછીની એવરેજ એટલે કે, ૮૫૮૦ ની એવરેજ મુજબ બનાવી રીવાઈઝડ બીલ આપવું, જે વાદીએ ભરવાપાત્ર છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(શ્રી પી. જે. મહેતા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– **૨૯/૦૫/૨૦૨૪.**